આ સ્થાનને મેળવો
આપની જાહેરખબર માટે
તદન ઓછા ભાવે...
આજે જ
સંપર્ક કરો...
M:9377124582

॥ આય વલો અસાંજો વતન, મૂંજી માતૃભૂમિ કે નમન ॥

Fortnightly E-Magazine

વડોદરાના કચ્છીઓનું

# સમાજ-દર્શન

પખવાડિક ઇ-મેગેઝિન

વર્ષ: ૨ • અંક: ૧૩ • સળંગ અંક: ૩૭ • ૧૫ સપ્ટે., ૨૦૨૫, સોમવાર • કુલ પાનાં: ૧૨ • કિંમત: નિ:શુલ્ક

Vadodarana Kutchionu Samaj Darshan • Mob: 9377124582 • Email: samajdarshan.mail@gmail.com

આપના મોબાઈલ પર
આ અંકો નિયમિતરૂપે
મેળવવા ગ્રુપ જોઈન
કરવા અહીં ક્લિક કરો.

## શ્રી વડોદરા કચ્છી લુહાર જ્ઞાતિ મંડળ



શ્રી વડોદરા કચ્છી લુહાર જ્ઞાતિ મંડળ દ્વારા મંગળવાર તા.૨.૯.૨૦૨૫ના રોજ આજવા રોડની સમાજવાડીના મિલનહોલ ખાતે શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું સુંદર સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના જ્ઞાતિજનો સાથે અગ્રણીઓ તથા સમાજની બહેનોની બહોળી હાજરીમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ કરતું શ્રી કચ્છી લુહાર મહિલા મંડળ, વડોદરાનું ગઠન કરવામાં આવ્યું હતું. શ્રી કચ્છી લુહાર જ્ઞાતિ મંડળ જે અનેક જ્ઞાતિહિતના કાર્યો કરી રહેલ છે તથા વડોદરાના કચ્છી લુહાર સમાજનું પ્રતિનિધિત્વ કરે છે તેના બેનર હેઠળ આ મહિલા મંડળ કાર્ય કરશે તથા અન્ય શહેરોમાં પણ આ બહેનો વડોદરા સમાજનું પ્રતિનિધિત્વ કરશે આ મંડળની સ્થાપના માટે સમાજમાં ખૂબ જ ઉત્સાહ અને સમાજ પ્રત્યેની ભારોભાર લાગણી જોવા મળી. હાલમાં બનેલ કમિટિમાં પ્રમુખ સ્થાને શ્રીમતિ મીનલ પ્રિતેશકુમાર રાઠોડ, ઉપપ્રમુખ શ્રીમતિ ખ્યાતિ પ્રિતેશકુમાર સિધ્ધપુરા, સંગઠન મંત્રી શ્રીમતિ મનીષા લક્ષ્મણભાઈ પરમાર, મંત્રી તરીકે શ્રીમતિ પારૂલબેન ચંદ્રકાન્તભાઈ હંસોરા, ઉપમંત્રી તરીકે શ્રીમતિ કરિશ્મા બ્રિજેશભાઈ પિત્રોડા તથા ખજાનચીના સ્થાને શ્રીમતિ દમયંતીબેન લાલજીભાઈ પિત્રોડાની નિયુક્તિ થયેલ છે. એ ઉપરાંત કારોબારી સમિતિમાં મોનાબેન પરષોત્તમભાઇ મકવાણા, દીપિકાબેન ભાણજીભાઇ મિસ્ત્રી, ભાવનાબેન કિશોરભાઈ ઉમરાણીયા, દીનાબેન રસિકભાઇ પિત્રોડા, છાયાબેન મહેશભાઇ મારૂ, શીતલબેન જયેશભાઇ પિત્રોડા, રસીલાબેન હરીશભાઇ પરમાર તથા ઉષાબેન અજયભાઈ સિધ્ધપુરાની નિમણુંક કરાયેલ છે.

(અહેવાલ - શ્રી જયેશભાઇ પિત્રોડા, પ્રમુખશ્રી)

## શ્રી ક. દ. ઓ. જૈન સમાજ, વડોદરા





શ્રી ક.દ.ઓ. જૈન સમાજ,વડોદરા દ્વારા તા. ૫ તથા ૬ સપ્ટે.ના કચ્છ પંચતીર્થી યાત્રા-પ્રવાસનું આયોજન માતુશ્રી રતનબેન કાંતીલાલ મોતા (ટીકીટાર) પરિવાર, સંઘમાતા નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવાર તથા માતુશ્રી કલ્પનાબેન જીતેન્દ્ર લોડાયા પરિવારના સહયોગથી કરવામાં આવેલ. વડોદરાથી બસ દ્વારા પ્રથમ ભદ્રેશ્વર તીર્થે નવકારશી-સેવાપૂજા કર્યા બાદ દેવપર તીર્થે અ.પ.પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી આદી ઠાણાને તથા ઉણડોઠ તીર્થે પ.પૂ.આ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી આદી ઠાણાને વંદન કરી કોઠારા તીર્થે ચૌવિહાર બાદ સાંયરા મુકામે પ્રભુજીની ભક્તિ ભાવના બાદ રાત્રિ રોકાણ કરેલ. બીજા દિવસે સુથરી તીર્થથી, રાપર ગઢવારી, મોટી સિંધોડી જુહાર્યા બાદ જખૌ તીર્થે ભોજન, નલીયા તીર્થે ચહા તથા તેરા તીર્થે ચૌવિહારનો લાભ લીધેલ. અબડાસાના ભવ્યતિભવ્ય દેરાસરોમાં દર્શન, ગુરૂવંદનાનો લાભ લેવાની સાથે દરેક સ્થળે સ્થાનિક મહાજન દ્વારા મીઠો આવકાર સાથે સંઘપૂજન કરી બહુમાન કરવામાં આવેલ. આચાર્ય ભગવંતોના આશીર્વાદ તથા અન્ય સાધુ સાધ્વી મ.સા.ના શુભાશિષ સાથે આ યાત્રામાં બધાએ ભરપૂર આનંદ મેળવ્યો હતો.





## કચ્છી સમાજનું ગૌરવ

શ્રી ક.દ.ઓ. જૈન સમાજના નેહા દિપેન વર્ધમાનભાઇ લોડાયા (ગામ-તેરા) નવ પુત્રવ કાયરાએ ફરી એકવાર અનેરી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે. પાણીની અંદર શ્રેષ્ઠ તરવૈયા તરીકે નાનકડી ઉંમરમાં છેલ્લા ૨-૩ વર્ષોથી કાયરાએ અનેક સ્પર્ધાઓ જીતી લીધી છે.

હાલમાં જ ઇન્ટર સ્કુલ બરોડા સ્વિમિંગ ચેમ્પિયનશીપ જેનું આયોજન આર્ક ઇન્ટરનોનલ સ્કુલ અને બરોડા સ્વિમ ફન્ટ દ્વારા આયોજિત સ્વિમિંગ ઇવેન્ટસ્માં ૯ વર્ષની બાલિકાઓની ૨૫ મીટર ફ્રી સ્ટાઇલ કીકમાં પ્રથમ તથા ૨૫ મીટર બ્રેસ્ટસ્ટ્રોક, ૨૫ મીટર ફ્રીસ્ટાઇલ તથા ૫૦ મીટર ફ્રીસ્ટાઇલ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરીને તેના ચંદ્રકોની ટેલીમાં વધારો કર્યો હતો.

નાનકડી વયે કાયરાએ સ્વિમિંગમાં સારી પ્રગતિ કરેલ છે જેમાં તેના પરિવારનો ખૂબ સાથ છે. કચ્છની આ દિકરીને બધા તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ.







શ્રી ક.દ.ઓ.નાતની પરંપરાગત પખાવાજ ભાવનાનો કાર્યક્રમ કચ્છમાં શ્રી સાંયરા પખાવાજ મંડળના ઉપક્રમે સાંયરા દેરાસરજી પરિસરમાં શનિવાર તા. ૧૩.૯.૨૫ના રોજ રાખવામાં આવેલ જેમાં વડોદરાની ક.દ.ઓ.ની ટીમે ભાગ લીધેલ. ઉપરાંત સાંયરા, કોઠારા, સાંધવ, વરાડીયા, ભુજ, ગાંધીધામ, નલિયા, મુંબઇથી મહેમાનો/ગાયકો પધારીને પખાવાજની રમઝટ જમાવી હતી.













## શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ, વડોદરા

શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ, વડોદરા તા. ૯ સપ્ટેમ્બરના રોજ વડોદરાથી રવાના થઇને ચૈત્ય પરિપાટીરૂપે કચ્છમાં ચાતુર્માસે સ્થિરતા ધરાવતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા. તથા આદી ઠાણાના દર્શન વંદનનો લાભ લીધો હતો. ત્યાંથી સંઘ ઉણડોઠ તીર્થે પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગર સૂરીશ્વરજી મ.સા. તથા આદી ઠાણાના વંદનાર્થે પહોંચ્યો હતો.

ત્યારબાદ બધા દેઢિયા ગામમાં શ્રી ગુરૂ ગુણ સ્મૃતિ આર્ટ ગેલેરી જોવા ગયા હતા. આ આર્ટ ગેલેરી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજીની સ્મૃતિમાં બનાવવામાં આવેલ છે. અહીં પૂ.શ્રીની જીવન ઝરમર સાથે અચલગચ્છનો ઇતિહાસ તથા તેના ઉદગમથી હાલ સુધીની માહિતિ ઉપલબ્ધ કરાવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. અહીં એક નાનકડું ઓડીટોરીયમ પણ બનાવવામાં આવેલ છે જેમાં ૧ કલાકની ડૉક્યુમેન્ટરી દર્શાવવામાં આવે છે.

શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘની આ યાત્રામાં પદાધિકારીઓ સહ આશરે ૪૫ જણ જોડાયા હતા. આચાર્ય ભગવંતોના આશીર્વાદ મેળવવાની સાથે આ યાત્રામાં બધાએ ભરપૂર આનંદ મેળવ્યો હતો.







# શ્રાદ્ધ પર્વ વિશે થોડીક માહિતી

લેખક: મનોજ ઈન્દ્રવદન આચાર્ય, રાજકોટ




હિંદુ ધર્મના લોકોમાં શ્રદ્ધાથી પિતૃઓને જે અંજલિ આપવામાં આવે છે, તેને શ્રાદ્ધ કહેવાય છે. વિ.સં. ભાદરવા સુદ પુનમથી આ પર્વની શરૂઆત થાય છે, જે ભાદરવા વદ અમાસ સુધી ચાલે છે. શ્રાદ્ધનાં સોળ દિવસ હોય છે.

અથર્વવેદમાં જણાવેલ છે કે જ્યારે સૂર્ય કન્યા રાશિમાં રહે છે, ત્યારે પિતૃઓને તૃપ્ત કરનારી વસ્તુઓ આપવાથી તેમને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. શ્રાદ્ધપક્ષના ૧૬ દિવસોમાં પિતૃઓ માટે ખાસ પૂજા અને દાન કરવું જોઇએ. પુરાણોમાં પણ શ્રાદ્ધ પક્ષ દરમિયાન પિતૃઓની પૂજાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગ્રંથોમાં જણાવેલ છ્ષ કે શ્રાદ્ધ શરૂ થતા પિતૃ મૃત્યલોકમાં પોતાના વંશજોને જોવા માટે આવે છે અને તર્પણ ગ્રહણ કરીને પાછા ફરે છે માટે આ દિવસોમાં પિતૃઓની તૃપ્તિ માટે તર્પણ, પિંડદાન, બ્રાહ્મણ ભોજન વિગેરે દાન કરવામાં આવે છે.

ઘરમાં જ ઉપાય અને શ્રાદ્ધ કરવા માટે શ્રાદ્ધની તિથિએ સૂર્યોદય પહેલાં જાગી જઇ સાફ કપડા પહેરીને પિતૃઓની તૃપ્તિ માટે શ્રાદ્ધ અને દાનનો સંકલ્પ લેવું. શ્રાદ્ધ પૂર્ણ થાય ત્યાં સુધી કશું જ ખાવું નહીં. દિવસના આઠમા મુહૂર્ત એટલે કુતુપ કાળમાં શ્રાદ્ધ કરવું. જે મોટેભાગે સવારે ૧૧.૩૬ થી ૧૨.૨૪ સુધી હોય છે. દક્ષિણ દિશામાં મુખ રાખીને ડાબો પગવાળીને ઘૂંટણને જમીન પર ટેકવીને બેસી જવું. તાંબાના મોટા વાસણમાં જવ, તલ, ચોખા, ગાયનું કાચું દૂધ, ગંગાજળ, સફેદ ફૂલ અને પાણી લેવું. હાથમાં કુશ ઘાસ રાખો અને જમણાં હાથમાં જળ લઇને અંગૂઠાથી તે વાસણમાં અર્પણ કરો. આ પ્રક્રિયા ૧૧ વાર કરીને પિતૃઓનું ધ્યાન કરો. પિતૃઓ માટે અગ્નિમાં ખીર અર્પણ કરો. તે પછી પંચબલી એટલે દેવતા, ગાય, કૂતરાં, કાગડા અને કીડી માટે અલગથી ભોજન કાઢવું. બ્રાહ્મણને ભોજન કરાવો અને શ્રદ્ધા મુજબ દક્ષિણા તથા અન્ય વસ્તુઓનું દાન કરી શકાય.

ગૌતમધર્મસૂત્ર મુજબ જેને પુત્ર ન હોય તેમના ભાઇ-ભત્રીજા, મામા કે મામાનો દિકરો અથવા શિષ્ય શ્રાદ્ધ કર્મ કરી શકે છે. જેમનું કોઇ ન હોય તો કુળ-પુરોહિત અથવા આચાર્ય શ્રાદ્ધ કર્મ કરી શકે છે. પિતા માટે પિંડદાન અને જળ તર્પણ પુત્રએ કરવું જોઇએ. પુત્ર ન હોય તો પત્ની અને પત્ની ન હોય તો સગો ભાઇ પણ શ્રાદ્ધ કર્મ કરી શકે છે. વિષ્ણુપુરાણમાં ઉલ્લેખવામાં આવ્યું છે કે મૃત વ્યક્તિના પુત્ર, પૌત્ર, ભાઇના સંતાનને પિંડદાન કરવાનો અધિકાર હોય છે. માર્કણ્ડેય પુરાણમાં જણાવેલ છે કે જો કોઇ વ્યક્તિનો પુત્ર ન હોય તો તેની દીકરીનો પુત્ર પણ પિંડદાન કરી શકે છે. જો તે પણ ન હોય તો પત્ની મંત્રો વિના શ્રાદ્ધ-કર્મ કરી શકે છે. પત્ની પણ ન હોય તો કુળના કોઇ વ્યક્તિ દ્વારા શ્રાદ્ધ કરી શકાય છે. માતા-પિતા કુંવારી કન્યાઓને પિંડદાન કરી શકે છે. પરણિતા દીકરીના પરિવારમાં કોઇ શ્રાદ્ધ કરનાર ન હોય તો પિતા તેનું પણ પિંડદાન કરી શકે છે. દીકરીનો દીકરો અને નાના એકબીજાનું પિંડદાન કરી શકે છે. આ પ્રકારે જમાઈ અને સસરા પણ એકબીજાનું પિંડદાન કરી શકે છે. પુત્રવધૂ પણ પોતાની સાસુનું પિંડદાન કરી શકે છે.

વડોદરાની આજ અને કાલ... સંદેશ
## સંસ્કારી નગરી

લેખક પરિચય: દેવલ શાસ્ત્રી એક જાણીતા કટાર લેખક છે. 'સંદેશ'માં આવતી કોલમ 'મારું વડોદરા' માંથી લેખ સંક્ષિપ્તમાં સાભાર લીધેલ છે.

## વડોદરાનું સ્ટ્રીટ ફૂડ સેવઉસળ

વડોદરામાં વસતી વિવિધ પ્રજામાં સદીઓથી ગુજરાતી, મહારાષ્ટ્રીયન, વૈષ્ણવ, હિંદુ, જૈન, મુસ્લિમ, પારસી, રાજસ્થાની સમુદાયોનો સમાવેશ કરી શકાય જેમણે તેમના પરંપરાગત સ્વાદોને મિક્સ કરીને એક ફ્યુઝન ફૂડને જન્મ આપ્યો તે છે : સેવ ઉસળ.

બરોડિયન વિદેશમાં સ્થાયી થયો હશે પણ વડોદરામાં પગ મૂકતાંની સાથે જ ઘરે સામાન મૂકીને સૌથી પહેલું સેવ ઉસળ શોધશે. સેવ ઉસળની કેમેસ્ટ્રી જૈનો ને વૈષ્ણવોની વેજ. વાનગીઓ જેવી કે ઢોકળા કે પાત્રામાં શાકભાજી હોતી નથી. પારસીઓ-મુસ્લિમોએ મસાલેદાર અને તીખા મસાલા ઉમેર્યા. મીસળ ને પાવનો ટેસ્ટ નાખ્યો મહારાષ્ટ્રીયનોએ અને સાથે આવી આંખમાંથી પાણી લાવી દે એવી તરી ને લીલી ચટણીઓ સાથે તીખી અને મોરી સેવનું પરફેક્ટ કોમ્બિનેશન બનતું ગયું. પછી તો બન સાથે સહુને માફક આવતું ટેસ્ટી ફ્યુઝન બન્યું સેવઉસળ.

દુનિયાને જે ખાવું હોય એ ખાય પણ સેવઉસળ તો વડોદરાનું અણમોલ રત્ન છે. વડોદરાની ઓળખ જ અહીંના ગરબા ને સેવઉસળ છે, બાકી બધું પછી આવે.

અરે, કલ્પના કરો તો ખરા ! તમે ભીડભરી ગલીમાંથી પસાર થઇ રહ્યા છો. હવામાં ક્યાંકથી સેવઉસળના મસાલાની સુગંધ આવે છે. એક નાની લારી પર ગરમાગરમ સેવઉસળની પ્લેટ તૈયાર થઇ રહી છે. તપેલામાં ઉકળતા મસાલેદાર રસામાં વટાણા સાથે ડુંગળી, ચટાકેદાર મસાલાની સુવાસ સ્વાદના સ્વર્ગની અનુભૂતિ કરાવે છે. લીલા મરચાંની તીખાશ ને આદુ-લસણની તમતમતી પેસ્ટ પર નજર પડે ત્યારે જીભને બદલે આંખો સેવ ઉસળને ખાવા મજબૂર કરે છે. સેવ ઉસળ સ્વાદ ભૂખ્યા આત્માને તૃપ્ત કરવા માટે છે.

ગરમાગરમ સેવઉસળને જ્યારે પીરસવામાં આવે છે ત્યારે તેને પ્લેટમાં ઠાલવીને વરાળ ઉડતી જોઇ મનને ટાઢક થાય છે કે હાશ વેઇટિંગમાંથી વારો આવ્યો. પ્લેટ જોઇ મન કહેતું હોય છે કે રૂકો જરા, લાલચટ્ટાક તરી વગર સેવ ઉસળની મજા આવે નહીં. તીખી તમતમતી તરી સાથે ગ્રીન મરચાની ચટણીનો છંટકાવ કરીને મન ધરાતું નથી, લીલી ડુંગળી અને લિમ્બુના બે-ચાર ટીપાં વગર સ્વાદનું સ્વર્ગ અધૂરું છે. કમ્પ્લીટ રસોઇના બધા રસ સાથે બનાવેલ આ ફક્ત ખાણીપીણીની પ્લેટ નથી પણ સ્વાદનું તોફાન છે.

સાથે આપેલ સોફ્ટબન લઇને તીખાશની તલવાર અને મીઠાશની મધુરતાને માણવા જેની આતુરતાથી રાહ જોતા હતા એ પળ આવે છે... પહેલો કોળિયો એક સ્વર્ગીય અનુભવ છે. જે ક્ષણે ગરમ ગ્રેવી જીભ પર પથરાય ત્યારે બે સેકન્ડ અટકી જવાનું મન થાય. તીખા મસાલાની સુગંધ હૃદયમાં વિસ્ફોટ કરે ને તેમાં ડૂબેલા નરમ ઉસળના સફેદ વટાણા મોંમાં ઓગળી મખમલી આનંદ આપે છે. દિલ કહે છે આ તો જિંદગીની મહેફિલ છે, માણી લે ! વિદેશથી આવતા સેવઉસળના શોખીનો એટલું જ કહે છે,'વી મીસ ઇટ.'

સેવઉસળના દરેક કોળિયે સ્વાદની તીખાશ ને હૈયાની મીઠાશ સાથે પરસેવાના ટીપાંઓ તનમનમાં ફેલાવા લાગે છે. સેવઉસળ વડોદરાનું એવું સ્ટ્રીટ ફૂડ છે કે જેનો રસાસ્વાદ માણવો એક કળા છે. આ વાંચીને તમારા મોંમાં પાણી આવ્યું ? તો ચાલો, વડોદરાની એ ગલી તરફ કેમ કે સેવ ઉસળ ખાવા માટે બન્યું જ નથી, અનુભવવા માટે બન્યું છે !

# રાંધણ કલાથી 'ક્યુલનરી આર્ટ'ની સફર




આપણે ત્યાં રસોઇને કલા તરીકે સ્વીકારાઇ છે. બહુ બારીકાઇથી સ્વાદના વિવિધ રસ વીશે ચર્ચા કરનાર નિષ્ણાતો બધે જ મળી જશે. આ વિવિધ પ્રકારના સ્વાદ સર્જન માટેના ઇન્ગ્રેડિયન્સ કે સામગ્રી માટે પણ વિગતવાર માહિતી અપાય છે. આપણી રસોઇમાં વિવિધ મસાલાઓ, તેજાનાનો મહિમા રહ્યો છે. એમાંય મીઠાને તો 'સબરસ' કહેલ છે, એટલે કે બધામાં રસ પૂરનાર. 'મીઠે મોળી...' એ પણ સૂચક પ્રયોગ છે.

અલબત્ત, હવે જીવનશૈલી બદલાઇ છે તેની સાથે રસોઇના ક્ષેત્રે પણ ઘણા ફેરફારો આવ્યા છે. રસોડાની ડિઝાઇન પણ બદલાઇ ગઇ છે. બેસીને રાંધનાર હવે ઊભા-ઊભા રાંધે છે કેમ કે ઉતાવળ હોય છે. મહારાજનેય બીજે જવાનું છે. બધું ઉભડક ! પરિણામે રસાનંદ પણ રહી ગયો ઉપરછલ્લો ! રસોઇઘરમાં મંદિરની જેમ પવિત્રતા અપેક્ષિત હતી. ઘરના વડીલોના આગ્રહો યાદ આવે પણ આજની પુત્રવધૂને એ પોસાય પણ નહીં.

પાટલાથી માંડીને ઢીંચણિયા ટેક્વીને નિરાંતે જમનારાને જમીને નિ:સંકોચ ઓડકાર ખાઇ પેટ પર હાથ ફેરવનારા હવે ક્યાંય જોવા મળે ખરા ? હવે તો બૂટ પહેરીને ડાઇનીંગ ટેબલ પર મોબાઇલમાં મોં નાખી પેટમાં પધરાવાય છે. વડીલો તો કહેતા કે ખોરાક પીવો ને પાણી ચાવો ! પણ હવે તો ભાગવાની ઉતાવળ છે. શેનાથી ને કેમ એ તો ભાગનારાય નથી જાણતા ! એટલે જ તો 'સમય જ નથી મળતો'ની ફરિયાદ કરે રાખે છે.

જીવનશૈલી બદલાઇ એની સૌથી મોટી અસર રસોડા પર પડી. રસોઇકલા પર પડી. વાનગીઓ પર પડી. ઘરમાં બનતું ઓછું થયું. સેવ પાડવાના સંચાની વિવિધ જાળી ને ઘૂઘરાની ડબ્બી ગઇ ! પાણિયારું એની સાથે ગોળા, થડા, બૂઝારા ને ડોયા, લોટા લેતું ગયું !

સગવડ ને સુવિધા વધી છે. જેને કારણે રસોઇકળા સરળ બનતી ગઇ છે. કામ કરતી ગૃહિણીને રાહત મળી છે. ઘરમાં બનતા નાસ્તા હવે નકામા. બહારના સ્વાદથી ટેવાયેલા પરિવારજન તરત ફોન લગાવી મનગમતું મંગાવી લે. સહુને નિરાંત. (તોય યુ ટ્યુબ પર તેની રેસિપીમાં કેમ રસ દેખાડતા હશે તે વિચારવા જેવું ખરું કે નહિ ? અંદરનો રસ બહાર ક્યારેક તો આવશે ?)

હવે તો પાકશાસ્ત્રનો સંપૂર્ણ અભ્યાસક્રમ માસ્ટર ડિગ્રી સુધી થાય છે. એમાં કેવળ વિવિધ વાનગીની રાંધણકળાનો સમાવેશ નથી થતો. એ તો ફક્ત શરૂઆતના અભ્યાસક્રમમાં હોય છે. આગળ જતાં ઘણું ઉમેરાય છે. એમાં પરિવારના સ્વાસ્થય રક્ષણ વિશે પણ વાત થાય છે. એમાં મોસમ વિજ્ઞાન પણ છે. સાથે આયુર્વેદ પણ છે. જેમ જ્યોતિષની સાથે આયુર્વેદ જોડાયેલું છે એમ પાકકલા સાથે પણ જોડાયેલું છે. ઘરનાનો કોઠો ગૃહિણીએ બનાવવો જરૂરી થઇ ગયેલ છે. કોને શું અનુકૂળ ને કોને શું વાયડું પડે એની જાણ હોય તો તે સુખી અને પ્રસન્ન જીવનના હિતમાં છે.

આજે રસોડું એ નાનકડું ઉપચાર કેન્દ્ર પણ છે. જે રસોઈ દ્વારા ભૂખનો અને વિવિધતા દ્વારા મૂડનો ઉપચાર કરે જ છે. સાથે સાથે ડોશીમાનું વૈદક પણ અહીંથી ચાલે છે. રસોઇમાં વપરાતી વિવિધ વસ્તુઓ કેટલાક રોગ સામે કેવી રીતે ઉપયોગી થાય છે તેનું જ્ઞાન પણ હવે સાથે અપાય છે. એની સાથે મસાલા વધુ-ઓછા પડવાથી બગડેલો સ્વાદ સુધારતા આવડે એ પણ આગળના અભ્યાસક્રમમાં આવે છે.

આ બધું પહેલા ય હતું જ. ફક્ત દૃષ્ટિ ફેર છે. બાર મહિનાનું અથાણું ભોજનમાં મહત્વનું સ્થાન ધરાવે છે એટલે જ અથાણું બરણીમાં ભરનારના હાથનો મહિમા છે. અરે, ઘઉંને દીવેલ દીધા પછી પીપડામાં ભરનાર પણ નક્કી હોય છે તે આ માટે. અસલ તો ક્યારેક ભોજનમાં કંઇક ચોંટી ગયેલ, બળી ગયેલ, ખારું કે તીખું થઇ ગયેલ હોય તો એની મુંઝવણ રહેતી. અણગમો છૂપાવતા ન શીખ્યા હોય એવા સભ્ય દરેક પરિવારમાં હોય જ છે. એટલે જ તે સમયે વહુવારુની માનો જીવ તાળવે હંમેશ ચોંટેલો રહેતો. ગમે તેટલું શીખવીને મોક્લી હોય તોય દીકરીને નવા ઘરની રીત ને નવા ઘરના સ્વાદ નોખા જ મળવાના. આવા સમયે સંભળાવનારા ય મળવાના પણ બગડેલા સ્વાદને સુધારી લેવા થતી જરૂરી વધઘટ પણ કલા છે જે જીવન સ્વાદ પણ સાચવી લે છે.

આજે પાકકલાના જાણકારની અંતિમ ક્સોટી થાળી પીરસવામાં છે. થાળી પીરસવામાં ય કલા ? હા, થાળીમાં કઇ વાનગી ક્યાં પીરસાય તેના આધારે પણ વહુવારુની આવડતનું પરીક્ષણ થતું. મુખ્ય વાનગી ક્યાં રહે ને અન્ય સહાયક સામગ્રી ક્યાં મુકાય ? વાટકીમાં શું હોય ને વાટકી ને પાણીના પ્યાલો કયા હાથે મુકાય તે પણ નક્કી હોય !

અલબત્ત, પશ્ચિમના દેશોમાં પણ ભોજન સામગ્રી પ્રેમથી પીરસવાની ને જમવાની પધ્ધતિ છે જ. ત્યાં પણ સેવન કોર્સ ડીનર હોય છે. એ લોકો આપણા જેવડી થાળીનો ઉપયોગ નથી કરતા, વાસણ જાતે ઉટકવાના હોય, કદાચ એ પણ કારણ હોય. ને ત્યાંનું વાતાવરણ પણ એક કારણ ખરું જ - એટલે નાની ડીશમાં વારાફરતી વાનગી જરૂરત પ્રમાણે (ને જાતે પણ) લઇ લે. ત્યાં ભોજન ન બગડે એનો આગ્રહ છે. અન્નને બ્રહ્મ માનનારા આપણે એ શીખવા જેવું છે. વસ્તુ વધે તો ટેક હોમ કરવાનો સરસ શિરસ્તો છે. અહીં પણ છરી કાંટા, ચમચી ને રૂમાલ ક્યાં મુકાય ? ક્યા પીણાં માટે કયો પ્યાલો લેવાય એ માટેના નિયમો તો છે જ.

આપણે ત્યાં પણ એમની વાનગી માટે જમવા એમના સાધનોનો ઉપયોગ થાય જ છે. એ શીખવા જેવું પણ છે. કાંટાથી દબાવી, છરીથી ટુકડો કરી, કાંટામાં ઉપાડી ખાવાની આ ક્રિયામાં કયા હાથમાં શું રખાય એ નક્કી હોય છે. કેટલાક દેશોમાં તો સળી વડે ય ખવાય છે. બે સળી વડે ચોખાનો દાણો ઉપાડતા શીખવું પડે ! આ બધું આમ તો હાથના જ આકારભેદ છે. પણ એમણે એને રીતભાત સાથે જોડ્યું છે એટલે જાણવું સારું. જમતાં પહેલાં આપણી જેમ પ્રાર્થના તો એય કરે છે ને જમતા જમતા અને મોંમાં કોળિયો હોય ત્યારે ન બોલાય એ તો દાદાય કહેતા ! જમીને પોતાની ડીશ સાફ કરી લેવાની એમની સરસ ટેવ એંઠી થાળી ત્યાં જ મુકીને ઉઠનારા અપનાવે ખરા ?

પણ આપણી પધ્ધતિઓ પણ કંઇ ઓછી નથી. ઢોસા છરી કાંટાથી કાપી, ચટણીમાં બોળવા ને સાંભાર પાછો ચમચીથી પીવો એ વ્યાયામ કરવો પણ અઘરો તો છે જ, હોં !

પણ છેલ્લે એટલું તો ખરું જ કે આપણી ડીશમાં ચમચીનો અવાજ ન થાય તે અગત્યનું પણ દાળનો સબડકો તો જાણે એ જ માણે, કાં ?

(સંદર્ભ: ઇન્ટરનેટના આર્ટીકલ્સ)

હાર્દિક શુભેચ્છાઓ સહ
રામજીભાઈ કેસરીયા
MICROFINE PRODUCTS
Mfg. of :
Bushes, Dowel Pins, Precision Components.
CNC Turned and Ground Shafts
797, GIDC Industrial Estate, Makarpura, Vadodara - 390010. GUJ.
Email : microfineproducts@gmail.com, microfineproducts@yahoo.com
Mob: +91 85111 63773

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
આપના સમાજના સમાચારો
નિયમિતરૂપે મોકલાવો.
આપ સમાચારો-ફોટા-અહેવાલ
વૉટસએપ નં. 9377124582 પર
અથવા
Email: samajdarshan.mail@gmail.com
પર મોકલાવી શકો છો.

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
કચ્છી સાહિત્ય
તથા કચ્છની
અનોખી માહિતી
સાથે
ગુજરાતીમાં
સંસ્કારી સાહિત્યની
સિલેક્ટેડ કૃતિઓનો
અદભૂત ખજાનો
આપના
મોબાઈલ
પર
નિયમિત
ધોરણે
અંકો
મેળવવા
અહીં ક્લિક કરો



**ટચૂકડી જા.ખ.ના RATES**

પ્રથમ ૨૦ શબ્દોના રૂા.૧૦૦ (ફિક્સ)ગણાશે. Englishના shortform ને આખો શબ્દ ગણવામાં આવશે. (2 BHK એટલે ૨ નહીં પણ ૪ શબ્દ) હેડીંગના રૂા. ૧૦/- એક્સ્ટ્રા થશે. ૨૦ શબ્દ પછીના વધારાના શબ્દ દીઠ રૂા. ૩/-

જાહેરખબર દર મહિનાની ૧૦મી તથા ૨૫મી તારીખ સુધી જ મોકલવી. જાહેરાતનું લખાણ whatsApp No. 9377124582 પર કે samajdarshan.mail@gmail.com પર મોકલવું. પેમેન્ટ GPay, PhonePe, Paytm પર કે UPI id: npbaroda@icici પર પણ મોકલાવી શકો છો.

## BOX

**Advertise Rate**

DISPLAY BOX
Size : 82 x 72 mm
Rate: 200/-
(For 6 Mo./ 12 Ads. Rs. 1000/- and For 12 Mo./ 24 Ads. Rs. 1900/- only)
ONLY TEXT MATTER, LOGO ETC. WILL BE XTRA DIFFERENT MATTER CAN BE SET FOR DFFERENT ADVTS.

This E-Magazine is edited & published by Navin Patel of Vee Kraft at D/601, Samrudhi Satvik, Nr. Darshnam Antica, Danteswer Main Road, Vadodara 390009, GUJ for Mrs. V. N. Patel, owner & residing at same address as above.

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે પેમેન્ટ મોકલતા પહેલા, કોઈ પ્રકારના કરાર પહેલા અમારી સાથે પૂછપરછ કરવી. અહીં આવતી કોઈપણ પ્રોડક્ટ કે સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તે વિશે જે તે જાહેરાત આપનાર જવાબદાર છે અને કોઈપણ બાબત માટે આ E-magazine 'વડોદરાનું કચ્છીઓનું સમાજ દર્શન' ના માલિક,તંત્રી કે પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

*Zalak Maheshwari*
M :9662 42 41 40

VARIANT Cooking & Baking Classes

*New Vision & New Varieties*



B-318, Neelkanth Palace, Opp. Seema Hall, 100 Feet Road,Satelite, Ahmedabad - 380015
Website : www.variantclass.in
Email: variantclass@gmail.com



*Varsha Patel*
M: 9426326389

SINCE 1995
VARIANT COOKING CLASSES

Certificate Course

A Culinary Art Class
Regd. with DIC, Vadodara
(Govt. of Gujarat)

D/601, Smruddhi Satvik, Behind Bansal Mall, Danteswar Main Road, Vadodara - 390009.
Website: www.variantclass.in
Email: variantclass@gmail.com

વડોદરાના કચ્છીઓનું
## સમાજ-દર્શન
**મલ્ટી કલર ડીજીટલ જાહેરખબર**

આખા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૭૯૨/- માં*
અડધા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૩૯૬/- માં*
પા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૧૮૮/- માં*
*(૧ વર્ષ = ૨૪ અંક માટેના ૧ જાહેરાતના ભાવ)

### ધંધાકીય

આપ કોઈપણ પ્રકારના અન્ય ધંધા કે દુકાન ધરાવતા હો કે કોઈ આઈટેમનું માર્કેટિંગ કરતા હો તો આપના ધંધાકીય વિકાસ માટે આપની જાહેરાત આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

### જ્યોતિષ

આપ જ્યોતિષ, કુંડલી, ભવિષ્યવાણી જેવા વ્યવસાય સાથે સંકળાયેલા હો તો આપના ધંધાકીય વિકાસ માટે અહીં આપની જાહેરખબર આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

### કુરીયર

આપ લોકલ, રાષ્ટ્રિય કે ઈન્ટર નેશનલ કુરીયર કંપની સાથે સંકળાયેલા હો તો આપના ધંધાકીય વિકાસ માટે અહીં આપની જાહેરખબર આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

## કચ્છ અને કચ્છીયતના બે સુંદર સાહિત્યિક સામાયિકો

**કચ્છ-અર્પણ**
કચ્છીઓને સમર્પિત દ્વિમાસિક

**Advt.Tariff for E Magazine**
**'Kutch-Arpan'**
*(bimonthly e-magazine)*

| FULL PAGE | |
|---|---|
| 1 Month | 1 YEAR |
| 2,000 | 10,000 |

| HALF PAGE | |
|---|---|
| 1 Month | 1 YEAR |
| 1,000 | 5,000 |

| QTR. PAGE | |
|---|---|
| 1 Month | 1 YEAR |
| 500 | 2,500 |

DISPLAY AD
1 YEAR
1,000

વડોદરાના કચ્છીઓનું
**સમાજ-દર્શન**
એક મજાનું પખવાડિક
દર મહિનાના ૨જા ને ૪થા શનિવારે

**SPECIAL OFFER For Advt.**
*(2 ISSUES PER MONTH)*
*(50% Off + Extra Discounts)*

| FULL PAGE (2000 per advt) | |
|---|---|
| 6 Months | 12 Months |
| 10,000 | 18,000 |

| HALF PAGE (1000 per advt) | |
|---|---|
| 6 Months | 12 Months |
| 5,000 | 9,500 |

| QTR. PAGE (500 per advt) | |
|---|---|
| 6 Months | 12 Months |
| 2,500 | 4,500 |

| DISPLAY Ad (250 per advt) | |
|---|---|
| 6 Months | 12 Months |
| 1,000 | 2,000 |

વાચક વર્ગ 10,000 + ઉપરાંત છે...જાહેરાતના ભાવ અન્ય કરતા સાવ ઓછા...
મેગેઝીનની ક્વોલિટી *4.6 + rated on E- survey*
સુંદર સાત્વિક સાહિત્યનો ખજાનો... અમારા આ મેગેઝીનો...

## Color Advertisement Rates :

Front Page Premium Rates : Rs. 3000 (FULL PAGE ONLY)

| INSIDE PAGES | RATES (Rs.) | SIZE (in cms.) |
|---|---|---|
| FULL PAGE | 2000 | 25 (W) x 31 (H) |
| HALF PAGE | 1000 | 25 (W) x 15 (H) |
| QUARTER PAGE | 500 | 12 (W) x 15 (H) |
| DISPLAY BOX | 300 | 8.2 (W) x 7.2 (H) |

*(Design charges : Full page Rs. 300/-, Half page Rs. 250/-, Qtr. page Rs. 200/-)*

સમાજની જાહેરખબર, અવસાન કે પ્રાર્થના કે શ્રદ્ધાંજલી જાહેરખબર પર ૫૦% ડિસ્કાઉન્ટ


DIVCLICK
SOMETHING MAGNIFICENT
ONE STOP SOLUTION FOR ALL YOUR DIGITAL NEED
BRANDING
WEB DESIGN & DEVELOPMENT
APP DESIGN & DEVELOPMENT
SEO
DIGITAL MARKETING
GRAPHIC DESIGNS
Divya Patel
+91 – 94090 29649
www.divclick.in


Kala Craft
Traditional & Creative Craft Collection
Kala Craft
5, B.N.Chambers, Opp. Welcome Hotel
R.C.Dutt Road, Alkapuri, Vadodara, Guj
Mobile: 9624018211


વડોદરાના કચ્છી સમાજોને
રૂપારેલ પરિવાર તરફથી
હાર્દિક શુભેચ્છાઓ...
કમલેશભાઇ રૂપારેલ
જયભાઇ રૂપારેલ
ખુશ્બુ રૂપારેલ
હિત રૂપારેલ
તથા
સમગ્ર પરિવાર
તરફથી
ખૂબ ખૂબ વધાઇઓ
કચ્છ કોઠારા– વડોદરા

# સાત નવી ભારતીય વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ

વૈશ્વિક સંસ્થા યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં સાત નવી ભારતીય સાઇટ્સનો ઉમેરો કર્યો છે, જેનાથી ભારત દેશની વર્લ્ડ હેરિટેજ સ્થાનોની સંખ્યા ૬૯ થઇ ગઇ છે. આમાં ૪૯ સાંસ્કૃતિક સ્થળો, ૧૭ કુદરતી વારસા સ્થળો અને અન્ય ત્રણ મિશ્ર શ્રેણીમાં આવે છે. એ વીશે વધુ માહિતી ફરી ક્યારેક.


યુનેસ્કોની યાદીમાં ઉમેરાયેલા નવા ભારતીય સ્થળો કુદરતી વારસા હેઠળ આવે છે. આ સ્થળો ભારતની સમૃદ્ધ ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાને ઉજાગર કરે છે.

### પંચગીની અને મહાબળેશ્વર ખાતે ડેક્કન ટ્રેપ્સ



મહારાષ્ટ્ર રાજ્યમાં પુણે નજીકના પંચગીની અને મહાબળશ્વરના ડેક્કન ટ્રેપ્સ હવે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટ્સનો ભાગ છે. આ સાઇટને પશ્ચિમ-મધ્ય ભારતમાં એક મોટા અગ્નિકૃત ખડકોથી બનેલ જ્વાળામુખીની રચના માનવામાં આવે છે. આ ડેક્કન ટ્રેપ્સને સૌથી મોટા બેસાલ્ટિક (લાવા કે મોટા પુરના કારણે બનેલો પ્રદેશ) પ્રાંતોમાંના એક તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રવાસીઓ માટે આ હિલ સ્ટેશન વિશ્વની ભૂસ્તરશાસ્ત્રીય અજાયબીઓમાંની એક ગણાય છે.

### નાગા હિલ ઓફિઓલાઇટ



નાગાલેન્ડના કિફાયરમાં નાગા હિલ ઓફિઓલાઇટને હેરીટેજ સાઇટમાં સમાવવામાં આવેલ છે. ઓફિઓલાઇટ એ એક કુદરતી ભૂસ્તરીય રચના છે જે સમુદ્રના તળીયામાં મળતા પત્થરોના પોપડાઓથી બનેલ હોવાનું મનાય છે. સમુદ્રની સપાટીથી આટલા ઊંચા સ્થાન પર આવી ભૂસ્તરીય રચના મળવી એ અજાયબી જ છે. એકવાર અહીં આવ્યા પછી તમને આ સ્થળે મળતા પ્રાચીન સમુદ્ર તળીયાનાં કઠોર લેન્ડસ્કેપ્સનો પરિચય કરાવવામાં આવે છે જે તમને મંત્રમુગ્ધ કરી દેશે.

### સેન્ટ મેરી આઇલેન્ડ ક્લસ્ટર

કર્ણાટક રાજ્યમાં એક લોકપ્રિય પર્યટન સ્થળ, ઉડુપી નજીક



આવેલ સેન્ટ મેરી આઇલેન્ડ ક્લસ્ટર, સ્તંભાકાર બેસાલ્ટિક ખડકોનું ઘર કહી શકાય. અહીં ખડકોની રચનાઓ ક્રેટેસિયસ સમયગાળાના અંતમાં બની હોવાનું જાણવામાં આવેલ છે. ઉડુપીના મુલાકાત લેતા પ્રવાસીઓ સમુદ્રમાંથી બહાર નીકળતા ષટ્કોણ આકારના સ્તંભોની ઝલક જોવા માટે વારંવાર અહીં આવવું પડશે જે એક અદભૂત નજારો હોય છે.

### મેઘાલય યુગની (એજ)ગુફાઓ



મેઘાલયમાં અનેક મનોહર પર્યટન સ્થળો છે. અહીંનું સૌથી લોકપ્રિય પર્યટન સ્થળોમાંનું એક 'એજ ગુફાઓ' કે (સમયની ગુફાઓ) છે. પૂર્વ ખાસી હિલ્સની વચ્ચે સ્થિત ભારતની આ સૌથી લાંબી અને ઊંડી ચૂનાના પથ્થરથી બનેલી ગુફાઓ છે જે મેઘાલયને અતિપુરાણા ગુફા યુગ સાથે જોડે છે. ગુફાઓમાં ઘણા સ્ટેલેક્ટાઇટ્સ, સ્ટેલેગ્માઇટ અને ભૂગર્ભ માર્ગો છે જે તે વખતે બનાવેલ હશે કે વપરાતા હશે તેની ખબર નથી પણ આજે મોટાભાગના એ અંદરના રસ્તાઓ તમારી યાદશક્તિમાં રહેવા અઘરા છે.

### એરા મટ્ટી ડિબ્બલુ



વિશાખાપટ્ટનમની બહાર સ્થિત, આંધ્રપ્રદેશનું એરા મટ્ટી ડિબ્બલુ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટ્સમાં નવીનતમ ઉમેરાઓમાંનું એક છે. અહીંના લાલ ટેકરાઓ જાણે એક જીવંત રાષ્ટ્રીય ભૂ-વારસા સ્મારક બનાવે છે. આ સ્થળના વિચિત્ર સમુદ્ર સપાટીના ફેરફારો અને ઇતિહાસનો સ્નેપશોટ પૂરો પાડે છે.

### તિરૂમાલા ટેકરીઓનો કુદરતી વારસો



આંધ્રપ્રદેશમાં આવેલ તિરૂમાલા ટેકરીઓ તિરૂપતિ મંદિર માટે પણ પ્રખ્યાત છે. પરંતુ આ ટેકરીઓ કેટલાક અદભૂત લેન્ડસ્કેપ્સ અને સમૃદ્ધ જૈવવિવિધતા પણ ધરાવે છે એટલે કે વિવિધ પ્રકારની જીવસૃષ્ટિ અહીં મોજુદ છે જે ઉત્ક્રાન્તિ, ઇકોલોજીકલ તથા વિવિધ સંસ્કૃતિઓને કુદરતે કેવી રીતે સાચવી રાખેલ છે તેનો ઉત્કૃષ્ટ નમુનો છે. આ સ્થળ યુનેસ્કોની કુદરતી વારસા સ્થળોની યાદીમાં સ્થાન મેળવીને તેની લોકપ્રિયતા અને પ્રવાસીઓની સંખ્યામાં વધુ વધારો કરશે.



### વર્કલાનો કુદરતી વારસો

કેરાલાના સમુદ્ર તટે તેના દરિયાકાંઠાના ખડકો અને શાંતિપૂર્ણ વાતાવરણ માટે જાણીતા વર્કલાને યુનેસ્કો દ્વારા માન્યતા આપીને તેને વિશ્વના કુદરતી ધરોહર સ્થળોમાં ઉમેરવામાં આવેલ છે. અરબી સમુદ્રની નજીક સ્થિત, આ શાંત સ્થળ પ્રકૃતિ પ્રેમીઓ અને તેમની વ્યસ્ત જીવનશૈલીમાંથી વિરામ માંગતા લોકો માટે યોગ્ય અને કુદરતના ખોળે ઉછરતું એક સ્વચ્છ સ્થળ છે.

આપની સુગમતા માટે આ સ્થળોના નામો અંગ્રેજીમાં આપેલ છે.

**Deccan Traps at Panchgani and Mahabaleshwar**

**Naga Hills Ophiolite**

**St. Mary's Island Cluster**

**Meghalayan Age Caves**

**Erra Matti Dibbalu**

**Natural Heritage of Tirumala Hills**

**Natural Heritage of Varkala**

## ફોટો બોલે છે... ૨૮

Photo by Satish Shanischara, Mandvi.
M: 9925169693
Story by Navin Patel.



આ ફોટામાં દેખાય છે તેવા દશ્યો આપણાં ગામડાઓમાં તદન સામાન્ય છે. જેમાં આધુનિક ટેકનોલોજીવાળા મોબાઇલ ફોન વાપરતા રોજીંદા ગામઠી પોષાકમાં સજી-ધજીને નીકળતા જુવાનો કે પોતાના ઘરમાં લોખંડના દરવાજા કે ગ્રીલવાળી બારીઓ સાથે ઘરની ભીંતો પર ચિત્રો દોરીને પોતાની સંસ્કૃતિને જીવંત રાખતી યુવતીઓ છે. આધુનિકતાની સાથે ભાતીગળ સંસ્કૃતિનું આવું સુમેળ કદાચ વિશ્વમાં ફક્ત ભારતમાં જ જોવા મળતું હશે, બાકી મોટાભાગે આધુનિકતાની સાથે બધા બદલાતા નજરે ચડે છે.

વાગડમાં નોંધપાત્ર કામ કરી રહેલ સંશોધક લેખક મહાદેવ બારડની કલમની સાથે માણીએ...

## વાગડ વૈભવ

લેખક : મહાદેવ બારડ, મો: ૯૭૧૪૮૩૪૨૨૩

# વાગડની ઐતિહાસિક જગ્યાઃ મુંજાસર



રાપર તાલુકામાં આવેલું પલાસવાથી પૂર્વ બાજુ પાંચ કિ.મી..દૂર મુંજાસર તળાવ અને મોમાઇ માતાજીનું મંદિર આવેલું છે. અહીંયા મુંજા કાઠીનો નેશ હતો અને તેમણે અહીંયા તળાવ બંધાવેલું જેનું નામ મુંજાસર છે. મુંજાસર તળાવ આજે પણ મોજૂદ છે અને સારા ચોમાસામાં ઓગનાઇ જાય ત્યારે છેક ઉનાળા સુધી પાણી ચાલે છે. તળાવમાં એક બહુ જ જૂનો કુવો પણ આવેલ છે. અહીંયા બિરાજતા મોમાઇ માતાજી વિશે એવી લોકવાયકા એવી છે કે ડોડીયા પેલા પલાસવા રહેતા હતા અને નંદાણીયાથી ઝઘડો થયો ત્યારે પલાસવા છોડ્યું ત્યારે માતાજીના ચૂંદડી અને નાળિયેર સાથે હતા. જેના હાથમાં ચૂંદડી અને નાળિયેર હતા તે માણસ જ્યાં તળાવમાં પાણી પીવા ગયા અને માતાજીના ચુંદડી-નાળિયેર ત્યાં મેલ્યા ત્યારે માતાજીએ કહ્યું કે હવે મારું બેસણું તો અહિયાં જ થશે અને ડોડીયા રાજપૂતોને આશીર્વાદ આપ્યા કે તમે અહીંથી આથમણે વધો. ત્યારથી કુળદેવી મોમાઇ માતાજીનું બેસણું મુંજાસર તળાવ નજીક છે. આનો ઉલ્લેખ ડોડીયાના બારોટના ચોપડે પણ છે. તેમજ અમુક લોકવાયકા પ્રમાણે તે કાઠીઓના બેસાડેલા માતાજી છે.

પલાસવા ગામમાંથી કાઠીઓ ગયા ત્યારે ત્રણ જગ્યાઓ રહી ગઇ જે આજે પણ મોજૂદ છે. જેમાં એક છે જાખશી મહાદેવ મંદિર, બીજું કાઠીતર વિસ્તારમાં આવેલ મોમાઇમાનું મંદિર અને મુંજાસરમાં આવેલ મોમાઇમાનું મંદિર. કાઠીઓ કદાચ માતાજીની 'ફરઇ' લઇ ગયા હોવા જોઇએ, મૂળ સ્થાનક અહીંયા છે. આજે પણ રાજપૂતોમાં ઉમટ અને ડોડીયા શાખના કુળદેવી તરીકે આ મુંજાસરની મોમાઇ માતાજી પૂજાય છે. ઉમટ અને ડોડીયા શાખમાં જેની ઘરે દીકરો અવતરે તેને મહા મહિનાની ચૌદશના અહીંયા આવીને મોમાઇ માતાજીને તેમનું વાહન સાંઢણી એટલે કે ઊંટ ચડાવવી પડે છે. જે માટીની હોય છે. માતાજીનું નળિયાવાળું મંદિર હોય તેને વાગડમા દેરું કહે છે. અહીં મોમાઇ માતાજી સાથે શક્તિ માતાજી બેઠા છે ને બાજુમાં ગણેશ છે.

અહીંયા જે સાંઢણી ચડે છે તેને પલાસવા ગામના જગશી પ્રજાપતિ બનાવે છે. સાંઢણીની સાથે નાનું એવું સાંઢનું બચ્ચું પણ ચડાવવું પડે છે એવી માનતા હોય છે. અહીંના પ્રાંગણમાં વર્ષોથી દરરોજ એક મણ દાણા પક્ષીઓ માટે નાખવામાં આવે છે. અહીં ૧૫૦ જેટલા મોર તથા અનેક પક્ષીઓ આવે છે. મુંજાસર તળાવ બે કિ.મી.ના વિસ્તારમાં ફેલાયેલું છે. તળાવમાં ઉભેલા ગાંડા બાવળ ઉપર અનેક પક્ષીઓ રહેતા હોય છે જેમાં બગલા, કૂંજ જેવા પક્ષીઓ પણ હોય છે. અહીંથી ૩ કિ.મી.ના અંતરે રણ છે. પહેલા અહીં મુંજાસરની આસપાસ કાઠીઓની વસાહત હતી.

મુંજાસરની સામે એક ખેતરમાં એક પાળિયો ઊભો છે જે મોટા પથ્થરનો બનેલો છે. ઉનાળામાં




મુંજાસરમાં આવેલ કુવો નીલગાય માટે આર્શીવાદરૂપ હોય છે. પૂજારી સાંજે આવીને અવાડો પાણીથી ભરે છે જેમાંથી નીલગાય પાણી પીવે છે. અહીં નજીકમાં એક ખેતરમાં ઐતિહાસિક વાવ હતી જે હાલ પુરાઇ ગઇ છે. એક ખેતરમાં એક ગૌચરનો પાળિયો પણ આવેલ છે તથા ત્યાંથી થોડે દૂર રણ બાજુ બીજા પાળિયા છે. એવું કહેવાય છે કે રણ કાંધીએ આ જાગતી જ્યોત છે.

આજે પણ અહીંયા દર્શન કરવા આવેલ કે નાના બાળકો ત્યાં ચડાવેલ સાંઢણી લઇ શકતું નથી જો લઇ જાય તો લોકો પાછા મૂકવા આવે છે એવા દાખલા છે. અહીં કોઇ વૃક્ષ પણ કાપી શકાતું નથી એટલે અહીં મીઠા ઝરા ને વૃક્ષોમાં અનેક પક્ષીઓ રહે છે અને તેમના કોલાહલથી વાતાવરણ ગુંજતું રહે છે. મુંજાસર મોમાઇ માતાજીનું એક મિત્ર મંડળ બનાવેલ છે જે આ સ્થળની સેવા કરે છે.







કચ્છી લોકસાહિત્યની કથાઃ ૨૧

ગતાંકથી આગળ...

# મહેણું કે માથાનો ઘા ?

લેખક - દુલેરાય કારાણીના પુસ્તક 'કચ્છની રસધાર'માંથી સાભાર

'મારાથી નહિ અપાય ? લિયર પ્રદેશના અધિપતિનો અખૂટ ખજાનો મારી પાસે મોજૂદ છે.'

'રાણીસાહેબ ! એની કિંમત લિયર રાજના ખજાનામાં પણ નથી.'

'ત્યારે એની કિંમત શું છે, ઝટ કહી દે !'

કોરૂએ વિચાર્યું કે આ તક જવા દેવા જેવી નથી. 'બા સાહેબ, એ વાત હું તમને એકાંતમાં કહીશ.' કોરૂ આગળ વધવા લાગી.

'અહીં એકાંત જ છે.' એમ કહી લીલાદેવીએ કમરાનો દરવાજો બંધ કરી દીધો.

'હવે તો કંઇ હરકત નથી ને ? કહી દે એની કેટલી કિંમત આપવાની છે ?'

'ખરેખર કહી દઉં ?' 'હા, ઝટ કહી દે !'

'પણ તમને માઠું તો નહિ લાગે ને ?' 'એમાં માઠું લાગવાનું શું હતું ? તું કહે તો ખરી !!'

'તો સાંભળો બા, મારા મનની એક જ ઉમેદ છે. એક રાત મને જામ ચનેસરની સેવામાં રહેવા દો તો આ હીરો તમારો !!'

એક દાસીની આટલી હિંમત જોઇ લીલાદેવીને કાળઝાળ ક્રોધ વ્યાપી ગયો. એક વાર તો કોરૂનું ગળું દાબી દેવાનું પણ એને મન થયું. પણ હીરાનો પ્રકાશ યાદ આવતાં એનો ક્રોધ ઓગળી ગયો અને એક નવી યોજના એને યાદ આવી ગઇ. થોડીવાર વિચાર કરી લીલાદેવી બોલીઃ 'વારું, તારી શરત મને મંજૂર છે.'

'તો બા સાહેબ, મને આ હીરો પણ ન્યોછાવર કરી દેતા કંઈ હરકત નથી.'

અને બધી વાત ચોક્કસ રીતે નક્કી થઇ ગઇ. એ જ રાતે જામ ચનેસરના શયનગૃહમાં કોરૂ જામની સેવામાં રહે એવો નિર્ણય થઇ ગયો. લીલાદેવીએ એના મનમાં રમી રહેલો હીરો હાથ કરી લીધો અને કોરૂકુમારીએ એના મનમાં રમી રહેલો હીરો હાથ હવે કરી લેવાનો હતો.

એ જ રાતે લીલાદેવીએ જામ ચનેસરને ખૂબ મદિરાપાન કરાવીને દારૂના નશામાં લેલૂટ કરી દીધો અને ત્યાર પછી કોરૂને જામના શયનગૃહમાં દાખલ થવાની પરવાનગી આપી દીધી.

ચાવડા કુમારી કોરૂ ચતુર હતી, ચાલાક હતી. રાજમહેલની હિલચાલ ઉપરથી આજની પરિસ્થિતિ તે પામી ગઇ હતી. એટલું જ નહિ પણ એ પરિસ્થિતિને પહોંચી વળવાનો ઇલાજ પણ એણે પોતાની સાથે જ રાખી લીધો હતો.

જામના શયનગૃહમાં કોરૂકુમારી પ્રફુલ્લ વદને દાખલ થઇ. ઘણા વખતથી અંતરપટ પર છવાઇ રહેલાં નિરાશાનાં કાળા વાદળાંમાં આશાની વીજળી ચમકી ઊઠી. આગળ વધીને જુએ છે તો જામ ચનેસર નિશ્ચેતન અવસ્થામાં પલંગ પર પડેલા હતા. લીલાદેવીની લીલા આટલી હદ સુધી જશે તેની કોરૂને કલ્પના પણ ન હતી.

માત્ર શ્વાસોશ્વાસની ક્રિયા ઉપરાંત જામના શરીરનું એકે અવયવ ગતિમાન ન હતું.

ચાવડાકુમારી ઘડીભર તો ગૂંચવાઈ ગઈ. તરત જ એને સાચવી રાખેલાં લીંબુની વાત યાદ આવી. લીંબુનો રસ કાઢી તેણે એક નાની પ્યાલીમાં ભર્યો અને રૂના પૂમડાં વતી ધીરેધીરે તે જામના ગળામાં રેડવા લાગી. આ રીતે લીંબુનો રસ તેણે કુશળતાપૂર્વક જામના પેટમાં ઉતારી દીધો. મૂર્છાનો ઉતાર જામના પેટમાં પહોંચતાં જ તેના શરીરમાં જાગૃતિનો જરાજરા સંચાર થવા લાગ્યો.

આ જોઇને કોરૂનું હૃદય આનંદાવેશથી નાચી ઊઠ્યું. થોડીવારમાં જામ ચનેસરને વમનની શરૂઆત થઇ અને એના પેટમાંનું બધું બહાર આવી પડ્યું. કોરૂકુમારી કુશળતાપૂર્વક દરેક વસ્તુનો તાત્કાલિક ઇલાજ કરી રહી હતી. વમનથી ઉત્પન્ન થયેલી અશક્તિની અસરથી જામ ચનેસરે થોડો વખત તો એકય શબ્દનો ઉચ્ચાર કર્યો નહિ. લીલાદેવીની ગેરહાજરીથી અને આ નવી સ્વરૂપવાન કિશોરીની હાજરીથી તેને નવાઈ લાગી.

આખરે તેની ધીરજ ખૂટી જતાં તેણે કોરૂને પ્રશ્નો પૂછવા માંડ્યાઃ 'ક્યાં છે લીલાદેવી ? તમે કોણ છો ? અત્યારે અહીં કેમ આવ્યાં છો ?'

જામની પ્રશ્નો તેમ જ તેના ચહેરા ને ધ્વનિની ગંભીરતાથી કોરૂ ગભરાઇ ગઇ, મૂંઝાઇ પડી. આખરે સઘળી હિંમત એકત્ર કરીને તે બોલીઃ 'મહારાજ ! હું આપના અંતઃપુરની સેવિકા છું અને અહીં એટલા માટે છું કે મેં આજની રાત માટે આપને ખરીદી લીધા છે. ધૃષ્ટતા માફ કરશો.'

'ખરીદી લીધા છે !' શબ્દો સાંભળીને ચનેસર તો સ્તબ્ધ થઇ ગયો. એનું મસ્તક ફરી ચક્કરમાં પડી ગયું. આખી પૃથ્વી જાણે ફરવા લાગી હોય એવું એને લાગ્યું. શરાબના નશાની તીવ્રતા કરતાં શબ્દોનો આ ધક્કો વધારે તીવ્ર હતો. એને થયું આ છોકરી શું બોલી રહી છે ? શું એણે પણ દારૂ પીધો છે કે હું ખરેખર ખરીદાઇ ગયો છું ? લિયર પ્રદેશનો રાજવી શું આજે વેચાઇ ગયો ? શું મારી હરાજી કરી નાખવામાં આવી છે ? અને મને વેચી નાખનાર એ કોણ છે ? કોને ફાંસીને માંચડે ચડવાની ઇચ્છા થઈ છે ? આવા વિચારોએ જામ ચનેસરને ઘેરી લીધો.

પછી જરા સ્વસ્થ થઈને એ બોલ્યાઃ 'શું તમે જ મને ખરીદી લીધો છે ? પણ મને વેચી નાખનાર એવો બે માથાનો કોણ છે ?'

'મહારાજ ! માલના માલિક સિવાય બીજું કોણ તેને વેચી શકે ?'

'એટલે ?'

'એટલે આપને એ જ વેચી શકે જેને આપના પર હક્ક હોય !'

'પ...પણ... એવો હક્કદાર કોણ છે ?'

'બીજું કોઇ નહિ, પણ આપનાં મહારાણી લીલાદેવી !'

'લીલાદેવી ? મને વેચી નાખનાર લીલાદેવી? તમે આ શું બોલો છો ?'

'જી હા, મહારાજ, આપનાં દેવીશ્રીએ જ આપનું વેચાણ કર્યું છે.'

'લીલાદેવીએ મને વેચી નાખ્યો અને તમને વેચ્યો ? હું તો તમારી વાત કંઇ જ સમજી શકતો નથી. શું હું કોઇ વસ્તુ કે જાનવર છું કે મને આમ વેચી નાખવામાં આવ્યો ?'

'મહારાજ ! તમે જરા શાંત થાઓ તો હું મારી તમામ હકીકતથી તમને વાકેફ કરું.'

'વારું, કહો જોઇએ, શું કહો છો ?' અને કોરૂકુમારીએ પોતાના જીવનનો તમામ ઇતિહાસ જામ ચનેસર સમક્ષ રજૂ કરી દીધો. કોરૂકુમારીની પ્રતિજ્ઞા, એની કાર્યકુશળતા, આત્મબળ અને સાહસિક વૃત્તિએ જામના હૃદય પર ધારી અસર કરવા માંડી. એના અંતર પર લાગેલો આઘાત પણ ધીમેધીમે હળવો થતો ગયો.

(વધુ આવતા અંકમાં...)

કચ્છી કવિતા

## ધિલ તોંજો ધરીઆ

સજણ મુંજા ધિલ તોંજો ધરીઆ
ધિલ તોજો ધરીઆ ધુલા મુંજા
ખિલ તોંજી લેરીઆ... સજણ મુંજા...
સિકલ તોંજી લગે સાંવરી,
તેંડા નેણજા વરીઆ,
મિઠા નીં તોંજા વેણ લગેં,
જાણે સકરજા સિરીઆ... સજણ મુંજા...
માયા પિંઢઈ મનડે બધાજે,
જેંજી વેં નતી કિરીઆ,
વિગર લિખેઆ ઈ વાંચાજે,
'તેજ' પ્રેમજા પરીઆ... સજણ મુંજા...

કવિ તેજપાલ ધારશી 'તેજ'ના પુસ્તક 'વસીલો'માંથી

## મેમાણ

બાંયણૂં ખોલ્યો ઉભા મેમાણ વેં.
ઘર હલી આયા વડા મેમાણ વેં.

ચે વિગર આયા ક આયા જાણ સેં.
વાટ નેર્યોં ઊ નતા મેમાણ વેં.

ડીં વરી ટક ટેમ ઠેકાણૂં ન કો.
રાતજા બારો વગા મેમાણ વેં.

નોંતરો જિભ લિપસધે ડેવાઈ વ્યો.
રિઢ રસે સોંતે પુગા મેમાણ વેં.

તિથ કડેં તારીખ વિને કો ઠલી.
ઓરખીતા તીં નયા મેમાણ વેં.

જિત જુડ્યો લારો ખમેજો વે ભલા.
ખાટલે સોફે રુગા મેમાણ વેં.

ધિલ ધરીયો ને ધિલાવર 'દિવ્ય' રખ.
મેર માલકજી સડા મેમાણ વેં.

દિવ્યા દેઢિયા 'દિવ્ય' / મોઃ ૯૩૨૦૦ ૦૬૨૯૩

## મુકતક

મુઠી ભંધ કિઈં જનમ ગિણોં,
મુઠી ખુલી રખી વિઞણૂં આય,
ડેહ હી મિટી જો, હિન મિટી મેં,
મિટી થિઈં વિઞણૂં આય.

છાયા શાહ 'સખ્ય' થાણા / મોઃ ૭૦૪૫૦ ૦૨૪૦૫

કચ્છી લોકસાહિત્ય : 'પિરૂલી': ૩૭

# પિરૂલી પ્રતાપ ચેં, સુઆ ડિઠા સેર,
# ઉખાણું પ્રતાપ કહે, સુના જોયા શહેર.

લેખક : શ્રી લાલજીભાઈ મેવાડા 'સ્વપ્ન' મોઃ 8320313731

'લેખન અને અભિવ્યક્તિની શૈલી આજે ઝડપથી બદલાઇ છે. આજે નવી પેઢીમાં વાંચનનો ઝડપથી હ્રાસ થઇ રહ્યો છે, સાહિત્યિક પુસ્તકની સંખ્યામાં ઓટ આવી રહી છે. વાંચનના અભાવને પૂરો કરવા માટે વાચક અને લેખક વચ્ચે ઊંચી જઇ રહેલી દિવાલને તોડી પાડવામાં આવે. વાચકની જરૂરીયાતને અનુરૂપ લેખન તો હોય પણ શાશ્વત અને સામાયિક વ્યહવારીક ચિંતન-મનન યોગ્ય લેખક તરફ વાચકનો રસ વિકસાવવામાં આવે. જરૂર પડ્યે એના માટે વાચકની જરૂરીયાતને અનુરૂપ શૈલી અને વિદ્યા પણ બદલી શકાય તેમજ પ્રસ્તુતિનું માધ્યમ પણ બદલી શકાય.'

ચોંણ બરાબરની જામી હતી. ઓટલા પર તસુભાર પણ ખસકવાની જગ્યા નહોતી અને કોઇ ખસકવા કે ઊઠવા તૈયાર પણ ન હતો. ઉપરોક્ત વાત અભેસંગ કરી રહ્યાં હતાં ત્યારે સૂવર્ણમય સંધ્યા પૃથ્વી પર છવાઇ ગઇ હતી. જાણે ઇશ્વરે પૃથ્વીને પિતાંબરી ઓઢાળી હોય. પણ! જેમ જેમ સૂર્યનારાયણ અસ્તાચળ તરફ જઇ રહ્યાં હતાં તેમ તેમ પૃથ્વી પરથી પિતાંબરી કોઈ ખેંચી રહ્યું હોય એમ ભાસતું હતું. ધીરે ધીરે અંધારાનું પ્રમાણ વધતું જતું હતું. જાણે કોઈ દીપશિખા રામ થવા જઈ રહી હોય એમ ડચકા ખાતી હતી.

ઓટલા પર હકડેઠઠ બેઠેલાઓમાંથી પચાણભાઇએ કહ્યું, 'આજે આપણે એક વૈયાકરણી કવિની પિરૂલી વિશે ચર્ચા કરીશું, આમ તો એમના વિશે આપણે અગાઉ વિસ્તૃત નોંધ લીધી છે એટલે ફરી પુનઃરાવર્તન ન થાય એટલે અહીં તેમના વિશે કંઇ પણ ઉલ્લેખ કર્યા વગર એટલું જરૂર કહીશ કે આ પિરૂલીના રચિયતાનું કચ્છીભાષાના સર્જનમાં કાલજયી યોગદાન રહ્યું છે. જેમનું નામ છે, પ્રતાપરાય ગોપાલજી ત્રિવેદી, જેઓ એક ઉમદા વ્યક્તિના સ્વામિ પણ હતાં. એમની આ પિરૂલી જુઓ:

પિરૂલી પ્રતાપ [1]ચેં, [2]સુઆ [3]ડિઠા [4]સેર,
[5]વસંધીજો [6]વા [7]નં [8]હો, ખાલી વા [9]ખનેંર.
મકાન હિકડે માપજા, [10]ચોમલ [11]બધા [12]ચોફેર,
મિલકત [13]લા મરેં નં [14]મૂરેં, ખાઇ ખાઇ [15]ક્યાં લેર,
કુધરતજી કલાસેં, સેર [16]મથે [17]પ્યો સેર,
હુઇ માલકજી મેર, ખાના ખરાભી [18]કીં નં થિઇ.

[1]કહે, [2]સુના કે વસ્તી વિનાના, [3]જોયા, [4]શહેર, [5]વસ્તીનો, [6]આભાશ, [7/8]નહોતો, [9]ખંડિયેર, [10]ફરતા, [11]બાંધેલા, [12]ચારેબાજુ, [13]માટે, [14]બિલકૂલ, [15]કરી, [16]ઉપર, [17]પડયો, [18]કંઈપાણ.

પિરૂલીઓના પ્રકારમાં આ 'ડિઠોડ઼ી' પ્રકારની છે અને તેની ખાણ ઇનોજ છે, જે લોકસર્જકે શહેરમાં જોયલા મધપૂડા પછી ઉપરોક્ત સંવેદના પિરૂલીમાં પરિણમી એમ તેઓ જણાવે છે. કવિ કહે છે કે, 'મેં શહેરને 'સુઆ' (સુના, વસ્તી વગરના) જોયા અને ખંડેર પણ ખાલી હતાં. માનવ વસ્તીથી વંચિત શહેર ખંડેરમાં પરિણમે છે, પણ ખંડેરમાં પશુ-પક્ષીની વસ્તી હોય છે. કવિ ત્રીજી પંક્તિમાં કહે છે કે, 'એક સરખા માપના મકાનો (અહીં મધમાખીએ બનાવેલા મધપૂડા)નો સંદર્ભ રૂપકાલંકારમાં સુપેરે વપરાયો છે. સાથે તેને શહેર તરીકે સંબોધન કરી તેમણે રૂપકાલંકારમાં વિશેષ ભાત પાડી છે. આગળ કહે છેઃ માનવની જેમ તેઓ મિલકત માટે મરતા નથી. બસ ખાઇને લહેર કરે છે.

પણ ! કુદરતને કરવું અને શહેર પર (બીજો) શહેર પડ્યો. (આ પિરૂલી માંડવીમાં એક જગ્યાએ રસ્તા પર પડેલા મધપૂડાને જોઇને એમણી રચી છે.) પણ માલિકની મહેરથી ખાનાખરાબી તો નથી થઇ સાથે છેલ્લી પંક્તિ 'ખાના ખરાભી કીં ન થઇ' ઉભયાઅર્થમાં વપરાઇ છે. એક તરફ કવિ કહે છે કે, 'ખાનાખરાબી કંઇ જ થઇ નહીં.' તો બીજી તરફ જાણે પૂછે છે, 'ખાનાખરાબી કેમ ન થઇ ?' અહીં 'કીં' શબ્દ શ્લેષમાં વપરાયો છે. ('કીં' એટલે કેમ? અને 'કીં' એટલે કંઇ પણ નહીં) આમ પિરૂલીમાં પ્રશ્નોતર ગુણોને કવિએ ખૂબ જ ખૂબીથી રજૂ કર્યા છે.'

પચાણભાઇએ મધપૂડા અને દેહ સંબંધી ઉપનિષદમાંથી સંદર્ભ લઇ જે વાત કરી તેથી સહુ બહુ ખૂશ થયા. આકાશમાં વાદળાઓ ગરીબના અંગ પરના કપડાંમાં લગાવેલા થીગડાં જેવા લાગતાં હતાં. ચાંદનીનો આછો પ્રકાશ સર્વત્ર ફરી વળ્યો હતો, અર્ધગોળ ચન્દ્ર એક તરફ વધારે ઝૂકી ગયો હતો. એટલે વરસાદ સારો થવાની વાત ઓટલે ચર્ચાતી હતી. દેવગર બાવાજીએ મંદિરના જાળિયા બંધ કરતાં ઝૂકીને પગે લાગ્યા ને સહુ જાણે એની જ રાહ જોતા હોય તેમ ઘેર જવા ઊઠ્યા.

સંભાર :

ધરિયા આય પ પાણી નાંય, જંગલ આય પ ઝાડી નાંય.
પહાડ આય પ પાયણું નાંય, નગરી આય પ નાણું નાંય.

જવાબ : નકશા. કાગળ પરના નકશામાં દરિયા, જંગલ, પહાડ અને નગરી છે, પણ દરિયામાં પાણી નથી, જંગલમાં ઝાડી નથી, પહાડમાં પથ્થર નથી ને નગરીમાં નાણું નથી. લોકકવિનું કેવી આશ્ચર્યકારક સર્જન છે !

પુસ્તક 'પિરૂલી પ્રધાનજી-૨'માંથી સાભાર

આપની જાહેરખબર હજારો વાચકો સુધી પહોંચાડો
૫૦% ડીસ્કાઉન્ટ
સાથે વાર્ષિક આકર્ષક પેકેજ

## કચ્છી મુક્તક

કવિ-'તેજ'

કવિના પુસ્તક 'તેજ જો અવાજ -૧' માંથી

વટ ઠેકાણે કટ આવઇ,
ઘૂંઘટ ઠેકાણેં લટ;
ડોસા ચેંતા ડૂંસીએકે,
જમાનું ભધલી વ્યો નિપટ !

કચ્છી ચોવક - ૩૫
અરવીંદ રાજગોર (મોઃ ૯૯૮૭૯૬૫૭૯૮)



## કેણી આડી આવઈ

અજ ડાડાજી પુતરેં કે હકલ ક્યોં નેં ચ્યોં કાલ આંકે ચઈ હૂઈ એડ઼ીજ બઈ ચૉવક આય સે સુણો. પુતરા ત તેરંઈ ડાડાજી વટે માઠ કરે ને ચૉવક સુણેલા વિઠા. ડાડાજી ચ્યોં ચૉવક આ

"કેણી આડી આવઈ"

ઇનજો મતલભ ઇ આય કેણી જેંજી લાટ હૂવે ત ઇનકે કેણી ઉકારે. નિત ડાન ધરમ નેં પુઞ કઈંધો વે ઇન માડુ કે વડી ઘાત ક વડી માંધાઈ લોપે નં સગે ઇનજી ખાસી કેણી ઇનકે ભચાય. ઘણેં વેરા પાણ સુયો આય ઇનકે પુઞ આડા આયા ઇતરે

"કેણી આડી આવઇ"

ઇતરે નિત ડાન ધરમ કઈંધા ત જીયણ મેં કડેં કોય વિઘન અચીંધો તાંય વિઘન કે પાર કઈંધા.

अज जी चोवक - ३७

मत ड्यॉ डर के त घास अचे घर के

:: ભાવાર્થ ::

(મૂરખને સાચી સલાહ દઈએ તો સ્વયંને નુકશાન ભોગવવું પડે.)

:: શબ્દાર્થ ::

મત - અભિપ્રાય, સલાહ  ડર - મૂરખ


ઘાસ - ઘસારો, નુકશાન

-: સંકલન :-

ડૉ. વિશન નાગડા તથા લક્ષ્મીચંદ ગોગરી

અજ જી ચોવક - ૩૭
ડૉ. વિસન નાગડા
(મોઃ ૯૮૨૦૪૫૬૮૯૯)

## શું તમે જાણો છો ?
# બાવન પત્તાંની જોડમાં રાજાઓનાં ચહેરા એકસરખા કેમ નથી ?



તમને ખબર જ છે કે ૫૨ પત્તાંની જોડમાં રાજાનું મહત્વ વિશેષ હોય છે. પત્તાની રમતમાં આ ચારમાંથી એક રાજા કોઇકને રંક તો કોઇકને બાદશાહ બનાવી દે છે.

કાળીના રાજાને અંગ્રેજીમાં King of Spades કહેવાય.

ફલ્લીના રાજાને અંગ્રેજીમાં King of Clubs કહેવાય.

ચરકટના રાજાને અંગ્રેજીમાં King of Diamonds કહેવાય.

લાલના રાજાને અંગ્રેજીમાં King of Hearts કહેવાય.

પહેલા આપણે આ બાવન પત્તાનો ઇતિહાસ જોઇએ. ચાઇનીઝ સાહિત્ય મુજબ દસમી સદીમાં પત્તાની રમતનો ઉલ્લેખ છે પણ લેખિત પુરાવો મળ્યો નથી. પરંતુ ૧૪મી સદીમાં યુરોપિયન લોકો ખાસ કરીને ઇટાલિયન તથા સ્પેનિશ લોકો પત્તા રમતાં હતા એનાં સંખ્યાબંધ પુરાવા છે. ઇજિપ્તમાં મામલૂક વંશના લોકો યુરોપનાં પૈસાદાર લોકો માટે હાથથી પત્તાના ચિત્રો બનાવતા. મામલુક એટલે અરેબિકમાં ગુલામ કહેવાય. આ મામલુક વંશનાં લોકો પાછળથી ઇ.સ. ૧૨૫૦ થી ૧૫૧૭ માં ઇજિપ્ત, સીરિયા અને જોર્ડનના સર્વેસર્વા બની ગયા હતા.

પત્તા રમવામાં જ્યારે રાજાઓ નક્કી કરવાનું થયું ત્યારે તેમાં યુરોપના રાજાઓને નક્કી કરાયા. બાઇબલનાં ઓલ્ડ ટેસ્ટામેન્ટમાં ઇઝરાયેલનો રાજા કિંગ ડેવિડ કાળીના રાજા તરીકે ઓળખાયો. એલેક્ઝાન્ડર ધ ગ્રેટ કે જે મેસીડોનિયાનો રાજા હતો જે ઇ.સ.પૂર્વે ૩૫૬ થી ૩૨૩ સુધી દુનિયાનો સર્વેસર્વા હતો એને ફલ્લીનાં રાજા તરીકે સ્થાન મળ્યું. ચાર્લમેગ્ને, ફ્રાન્સના રાજા અને પ્રથમ પવિત્ર રોમન સમ્રાટ, જેઓ ઇ.સ. ૭૪૭ થી ૮૧૪ સુધી જીવ્યા હતા એમને લાલના રાજા તરીકે ઓળખાયો. રોમન રાજા જુલિયસ સીઝરને ચરકટનો રાજા બનાવાયો.

આ ચારેય રાજાઓમાં ચરકટનો રાજા છે એને સુસાઇડ કિંગ (જીશભશમય સશક્ષલ) તરીકે ઓળખાય છે. જુગારીઓ પોતાની બાજીમાં ચરકટનો રાજા હોય તો બાજી જીતવા છતાં એને અપશુકનિયાળ માને છે એનું કારણ એ છે કે તે રાજાના હાથમાં જે કુહાડી છે એને મસ્તક પાછળ પોતાને જ મારવા જઇ રહ્યો છે કે આત્મહત્યા કરી રહ્યો છે એવું જણાય છે.

અકબરના જમાનામાં અબુલ ફઝલ જેમણે 'આઇને અકબરી' લખેલ એમાં નોંધ છે કે પ્રાચીન ભારતમાં 'ક્રીડા પત્રમ' નામની રમત હતી જે આજનાં પત્તાની રમત જેવી જ હતી. એમાં ચાર જાતનાં પત્તા હતાં. અશ્વપતિ, સેનાપતિ, ગજપતિ, નરપતિ. આ ચાર પત્તાં ભારે પત્તા ગણાતા. એ પછી ધનપતિ, દલપતિ, નાવપતિ, સુરપતિ, અસ્ત્રપતિ, વણપતિ અને અહિપતિ નામનાં વધારાના પત્તાંની આ ક્રીડા પત્રમ્ રમત રમાતી. તે વખતે કુલ ૧૪૪ પાનાંનો એક સેટ બનતો.

મોગલોએ એના પરથી 'મુઘલ ગંજીફો' નામ આપીને ૯૬ પત્તાંનો સેટ બનાવ્યો.૧૬મી સદીમાં બાબર પત્તાની રમત ઇરાનથી લઇ આવ્યાનું મનાય છે. ૧૬મી સદીથી મોગલો આ ગંજીફો નિયમિત રમતા એમાં રૂપિયા નહીં પણ ગામ-ગરાસ, તવાયફો, ગુલામો હારતા ને જીતતા અને તેની અદલાબદલી કરતા.



અંગ્રેજો આવ્યા પછી યુરોપમાં રમાતી ૫૨ પત્તાંની જોડ એટલી સર્વવ્યાપક થઇ કે ભારતનું ક્રીડા પત્રમ્ ભૂલાઇ ગયું ને મુઘલોની સાથે ગંજીફો પણ ગયો. ત્યારના નવાબો પણ આજના સામાન્ય લોકોની માફક પત્તા જમીન પર જ રમતા, ફક્ત જમાનો બદલાયો છે, રીત એ જ છે.

(કેતન ઉપાધ્યાય 'ક્વોરા' પર)

# જાણો અને અપનાવો ...
## મેઘધનુષી ફળો ખાવ



આપણે વિવિધ રંગના ફળો અને શાકભાજી ખાવા જોઇએ. પરંતુ શું તમે જાણો છો કે શા માટે ?

જ્યારે તમને ન્યુટ્રિશનિસ્ટ્સ તમને વિવિધ રંગના ફળ અને શાકભાજી ખાવાનું કહે તે એટલા માટે નહીં કે તે પ્લેટ પર સરસ લાગે છે. દરેક રંગ આપણા શરીરને જરૂરી વિવિધ પોષક તત્વો, વિટામિન્સ આપે છે. હવે જાણીએ કે દરેક રંગ આપણા શરીર અને આપણા એકંદર આરોગ્ય માટે શું કરે છે ?

લાલ રંગ: લાલ ફળ અને શાકભાજી 'કેરોટીનોઝ્ડ્સ' ને કારણે લાલ રંગના દેખાય છે. તે ટામેટાં, સફરજન, ચેરી, તરબૂચ, લાલ દ્રાક્ષ, સ્ટ્રોબેરી અને કેપ્સિકમમાં જોવા મળે છે જેને કારણે વિટામીન અ મળે છે. તે શ્વસન, હલનચલન, વૃદ્ધત્વ, બળતરા, કેન્સર અને હૃદય રોગમાં સહાયભૂત થાય છે. ઉપરાંત સંધિવા, ડાયાબિટીસનું જોખમ ઘટાડે છે.

નારંગી રંગ: નારંગી ફળો અને શાકભાજી આપણી આંખો અને દૃષ્ટિ માટે ફાયદેકારક હોય છે. તેમાં પણ જુદા પ્રકારના 'કેરોટીનોઇડ' હોય છે. ગાજર, કોળા, જરદાળુ, મેન્ડરિન, નારંગી અને હળદરમાં જોવા તે મળે છે. આલ્ફા અને બીટા-કેરોટીન આપણા શરીરમાં વિટામિન અ માં રૂપાંતરિત થાય છે. તેને કારણે આંખો તંદુરસ્ત રહે છે.

પીળો રંગ: પીળા ફળો અને શાકભાજી તમારી આંખોને સૂર્યના નુકસાનથી બચાવે છે. પીળા ફળો અને શાકભાજીમાં કેરીટોનોઇડ્સ હોય છે સાથે તેમાં લ્યુટીન, ઝેક્સાન્થિન, મેસો-ઝેક્સાન્થિન, વાયોલા-ઝેન્થિન જેવા ફોટોન્યુટ્રન્સ પણ હોય છે. આ સફરજન, નાશપતી, કેળા, લીંબુ અને પાઈનેપલમાં જોવા મળે છે.. બધા એન્ટી ઓક્સીડન્ટના સ્ત્રોત હોવાથી આંખના સ્વાસ્થ્ય માટે તથા એક મહત્વપૂર્ણ ઉમેરણ અને આહારપૂરક છે.

લીલો રંગ: લીલો રંગ બધા માટે સારો હોય છે. લીલાં રંગના ફળો અને શાકભાજીમાં ઘણાં બધાં ફોટોન્યુટ્રન્સ હોય છે. સ્કુલમાં જ તમે ક્લોરોફિલ વીશે જાણ્યું હશે. જેમાં કેટેચીન, એપિગાલો કેટેચિન ગેલેટ, ફાયટોસ્ટેરોલ્સ, નાઇટ્રેટ્સ અને ફોલેટ જેવા તત્વો શરીરના વિવિધ રોગો જેવા કે રોગપ્રતિકારક શક્તિ, વાળના ઘટાડા, વિટામિનની ખામી જેવા સામે રક્ષણ કરે છે. એવોકાડો, ગ્રીન સફરજન, નાસપતી, લીલી ચા અને પાંદડાવાળા શાકભાજીમાં તે જોવા મળે છે. તે એક એન્ટીઑકિસડન્ટ તરીકે પણ કામ કરે છે અને રક્તવાહિનીઓને સ્વસ્થ રાખવામાં લાભકારક છે. ગર્ભાવસ્થા પહેલાં આની ભલામણ કરવામાં આવે છે.

વાદળી અને જાંબલી રંગ: બ્લૂબેરી, જાંબુમાં એન્થોકયાનિન, રેઝવેરાટ્રોલ, ટેનીન અને બ્લેકબેરી, બ્લુબેરી, અંજીર, જાંબલી દ્રાક્ષમાં ફોટોન્યુટ્રન્સ જોવા મળે છે. એન્થોકયાનિન્સમાં એન્ટીઑકિસડન્ટ ગુણધર્મો પણ છે જે કેન્સર, હૃદયરોગના જોખમને ઘટાડે છે. તે યાદશક્તિ પણ વધારે છે.

ભૂરા અને સફેદ લસણ: બેક્ટેરિયા તેમજ વેમ્પાયરથી બચી શકે છે. ભૂરા અને સફેદ ફળો અને શાકભાજીને ફ્લેવોન્સ તરીકે ઓળખાતા ફાયટોન્યુટ્રિઅન્ટ્સના જૂથ દ્વારા રંગીન બને છે અને તે લસણ, બટાકા, કેળા જેવામાં જોવા મળે છે. તે એક પ્રકારના એન્ટિ-બેક્ટેરિયલ અને એન્ટિ-વાયરલ ગુણધર્મો ધરાવે છે.

આમાંનું મોટા ભાગનું સંશોધન હજુ પણ લેબ-બેન્ચ પર છે અને માનવીઓમાં ઘણા ક્લિનિકલ ટ્રાયલ કરવામાં આવ્યા નથી. પરંપરાગત રીતે વડીલોની શિખામણ આપણને મળતી જહોય છે કે શાકભાજીને વધુમાં વધુ ખાવો. રંગીન ફળો અને શાકભાજીના મેઘધનુષી રંગોને આપણાં રોજીંદા જીવનમાં જોડો. ફળ-શાકભાજી ખરીદતી વખતે તમે તેમાં રંગોના મેઘધનુષ્યનો સમાવેશ કરો. નવા ફળ ને શાકભાજીનો પ્રયાસ કરો જે તમે પહેલાં ન ખાધા હોય. નેટ પર વિવિધ શાકભાજી રાંધવાની અલગ અલગ રીત મળી જશે. તેનો ઉપયોગ તમારી રસોઇમાં કરો.

# ગ્લાસ

(શ્રી શીલા ઇંદ્રની હિંદી વાર્તાને આધારે)

એ પિત્તળનો મોટો ગ્લાસ અમારા વડદાદાનો હતો. ખૂબ સુંદર મજાનો નકશીદાર અને અંદર કલઈ કરેલો. અમારા વડદાદા શિયાળામાં એ ગ્લાસ ભરી દૂધ ગટગટાવતા અને ઉનાળામાં ગાઢી લસ્સી અને કાયમ પાણી પણ એમાં જ પીવાનું. વડદાદાનો એ ગ્લાસ એમની સાથે ને સાથે રહેતો.

એ ગ્લાસમાં શેર દૂધ માતું. જે રુઆબ વડદાદાનો હતો, તે જ એ ગ્લાસનોય હતો. નાના બાળકથી તો એ ગ્લાસ ઉપાડાતો પણ નહીં.

આ બધું મેં તો સાંભળેલું. લોકો કહેતા કે મારા દાદાને પણ એ ગ્લાસ પર ભારે પ્રીત. એટલે વડદાદા મરતાં પાંચ ભાઇઓમાંથી એ ગ્લાસ મારા દાદા પાસે આવ્યો અને દાદાયે સ્વર્ગે સિધાવતાં એમના ત્રણ દીકરામાંથી એ ગ્લાસ મારા બાપુના ભાગે આવ્યો. બાપુ કાયમ એ ગ્લાસ જ વાપરતા ને કહેતા, 'એને લીધે હું મારા બાપા અને દાદાને મારી નિકટ અનુભવું છું.' છેલ્લા વરસોમાં તો બાપુ તેને વાપરીયે નહોતા શકતા. એમનાથી ઊંચકાતો નહોતો. બહુ ભારે લાગતો. છતાં એને પોતાની પાસે રાખી મૂકતા.

બાપુના મૃત્યુ વખતે ઘણાએ કહ્યું કે એ ગ્લાસ દાનમાં આપી દઇએ પણ મારી માએ ન માન્યું. એ તો પૂર્વજોની યાદગીરી છે, ખાનદાનની નિશાની છે. એને આપી ન દેવાય. એટલે એ ગ્લાસ ઘરમાં રહ્યો. આમતેમ મુકાતો રહ્યો. થોડો વખત ફૂલદાની તરીકે વપરાયો. પણ મારી ભાભીને એ ગમતો નહીં. સાવ જુનવાણી લાગતો. વેચી દઇએ તો ખાસ્સા પૈસા આવે એમ પણ ઘણી વાર કહેતી. મા ચિઢાતી, 'વહુ, તારું ચાલે તો તું મનેય વેચી આવે !'

છેવટે માએ ગ્લાસ પોતાની પેટીમાં મૂકી દીધો. મારા મર્યા પછી તમારે એનું જે કરવું હોય તે કરજો !

પછી તો વરસો વીત્યાં. હું હવે સાઠની થઈ. મા પણ એંશીની થઇ. મારા દીકરી-જમાઇ એમના ચીંટુને લઇ નાની પાસે ગયેલાં. ચીંટુએ ગ્લાસ જોયો. 'બાપ રે કેવડો મોટો ! કેવો સરસ ! એ તો એ ગ્લાસ પર લટ્ટુ થઇ ગયો.'

નાની ખુશ ખુશ. એને થયું, ચીંટુના રૂપમાં મારા વડદાદા જ પાછા પધાર્યા છે. આ ગ્લાસ એને જ દઇ દેવો જોઇએ. મારી દીકરીને એમણે કહ્યું, 'તું આ ગ્લાસ લઇ જજે !'

દીકરીનું એ લઇ જવાનું બહુ મન તો નહોતું, પણ ચીંટુ પાછળ પડ્યો હતો, 'મમ્મી, આ ગ્લાસ લેવાનું ન ભૂલતી !'

પણ એ ખરેખર ભૂલી ગઇ. સાસુ બીમાર છે એવો તાર આવતાં એકાએક નીકળી જવું પડ્યું અને ગ્લાસ લેવાનો રહી ગયો. ઘરે જઇ ચીંટુએ ભારે કજિયો કર્યો. નાની પણ બેચેન. એણે મનેય કાગળમાં લખ્યું, 'આ ગ્લાસ તારા ચીંટુને પહોંચાડવાનો છે. તેના વિના મારા મનને શાંતિ નહીં વળે.'

મેં લખ્યું, 'તું ચિંતા ન કર. જતાં-આવતાં કોઇકની સાથે મોકલી આપજે.'

એકાદ વરસ પછી ભાઈ-ભાભી મુંબઈ આવ્યાં. માનો કાગળ આવ્યો, 'મેં ગ્લાસ એમની સાથે મોકલ્યો છે. તું યાદ રાખી એમની પાસેથી લઇને ચીંટુને પહોંચાડજે અને ગ્લાસ મળે એટલે ચીંટુ પાસે મારા ઉપર પહોંચનો પત્ર લખાવજે, જેથી મને નિરાંત થાય.'

ભાઇ-ભાભી મારે ત્યાં રહ્યાં. ગ્લાસની વાત પણ નીકળી. એમ નક્કી કર્યું કે ચીંટુને ત્યાં જમવા જઇશું ત્યારે ગ્લાસ આપી આવીશું. પણ હરવા-ફરવા ને જાતજાતની ખરીદીમાં ફરી ગ્લાસ કોઇને યાદ જ આવ્યો નહીં અને એ તો ભાઇ-ભાભીના સામાન સાથે ફરી ઊપડયો. ટ્રેન ઊપડી ત્યારે મને યાદ આવેલું કે, 'ગ્લાસ લેવાનો તો રહી ગયો !' પણ શું થાય ?

બે-ચાર દિવસમાં ટ્રેનમાંથી જ લખેલો ભાભીનો પત્ર મળ્યો, 'રસ્તે યાદ આવ્યું કે ગ્લાસ આપવાનું તો ભૂલી ગયાં ! હવે બાને ભારે આઘાત લાગશે. એ તો માથું ફૂટશે ! આપી દીધો એમ ખોટું બોલીને આ ગ્લાસને ઘરમાં રાખવોયે મુશ્કેલ છે. છેવટે અમે બંનેએ નક્કી કરીને આ ગ્લાસ કાનપુરના પુલ ઉપરથી ગંગાને સમર્પણ કરી દીધો છે.'

હું વિચારે ચઢી ગઇ. ગ્લાસ પુલના ગર્ડર ઉપર તો નહીં પડ્યો હોય ? અને નીચે પડ્યો હશે તો કોઇ ગંગા સ્નાન કરનારના ટાલકાને નહીં ભાંગ્યું હોય ? એ ગ્લાસ કોઇના હાથમાં આવશે ? કે ગંગાની ગોદમાં ખૂંપી રહેશે ? સો-બસો વરસે કદાચ કોઇના હાથમાં આવશે અને કોઇ મ્યુઝિયમની શોભા વધારશે ? એ ગ્લાસ પર વડદાદાનુંનામ કોતરાયેલું છે કે નહીં, તે પણ ક્યાં યાદ છે ? અમે એ ગ્લાસની કદર જ ક્યાં કરી હતી ?

# અકારણની ચિંતા



એક ટૂંકી બુદ્ધિવાળો પુરૂષ સતત ચિંતામાં રહેતો. દુઃખના રોદણા રોયા કરતો અને નિરાશ રહેતો હતો.

તે પુરૂષ વારંવાર પોતાની સ્ત્રીને જ્યાં ત્યાં કહેતો ફરતો કે, 'શું કરીએ, ઘરનો ખર્ચ ભારે છે, છોકરાઓને પરણાવવા પડશે, વહુઓને ઘરેણાં વિના કેમ ચાલશે ? વળી બહેનનો ભાણો પરણશે ત્યારે મામેરું કરવું પડશે.

છોકરાના છોકરાઓને પણ કંઇ પરણાવ્યા વિના ચાલશે? વળી બધાને રહેવા ઘર જોઇશે. શું કરું ? હવે વર્ષો બહુ ખરાબ આવે છે, વ્યાપાર પરદેશીઓના હાથમાં એટલે દેશીઓ શું ફાવે ? નોકરીના દર પણ ઓછા થયા, માટે આ બધાં કામો પાર પડવાનાં નથી.'

આ પ્રમાણે બોલી તે હંમેશા દુઃખી થાય. તેની સ્ત્રી ઘણી શાણી હતી. પોતાના પતિનું હિત ઇચ્છે તે જ સ્ત્રી. પત્નીએ વિચાર્યું કે ગમે તેમ કરીને પણ પતિની ચિંતા દૂર કરવી પડશે. તેને સાચી સમજણ આપવી પડશે.

એક દિવસ પોતાના પતિને સમજાવવા તેણે પોતાનાં દુઃખ રડવા માંડ્યાં. તે બોલી, 'તમારે શું દુઃખ છે ? દુઃખ તો મારા પર છે. મારું સાઠ વર્ષનું આયુષ્ય છે એમ જોશીએ કહ્યું છે. તેમાં દશ હજાર મણ તો અનાજ દળવાનું છે, વીસ હજાર વાસણ માંજવાના છે. અરેરે ! આ બધું મારાથી કેમ બનશે ? હું તો મરવા જ ધારું છું, કારણ કે આટલું બધું દુઃખ સહન કરવું તે કરતાં તો મરવું સારું.'

ત્યારે પુરૂષ બોલ્યો, 'પણ તારે તે બધું ક્યાં એક જ દિવસમાં કરવું છે ?'

સ્ત્રી બોલી, 'ત્યારે તમારે ક્યાં બધા કામો ગણાવો છે તે અત્યારે ને અત્યારે કરવાં છે ?'

આમ સ્ત્રીના ઉપદેશથી ત્યાર પછી તે પુરૂષ જ્યાં ત્યાં રોદણાં રડવાનું છોડી દઇને સુધરી ગયો.

# હું જ શ્રેષ્ઠ છું...

એક માણસ હતો. મૂર્તિઓમાં ખૂબ સારો કારીગર. એવી મૂર્તિઓ બનાવે કે લોકો દંગ રહી જાય. પણ મુશ્કેલી એ હતી કે એને અભિમાન ખૂબ હતું. તે પોતાની જાતને શ્રેષ્ઠ માનતો હતો. એક વખત તેણે અજબ કુશળતાથી પોતાની એવી આબેહૂબ મૂર્તિ બનાવી કે, અસલ કઇ અને નકલ કઇ, એ કોઇ ઓળખી શકે જ નહી. તે સમજ્યો કે, 'મનુષ્યો મને અને મારી મૂર્તિને ભિન્ન નથી જાણતા તેથી યમદૂતને પણ ઠગું !' એમ વિચારી તેણે પોતાના જેવાં દશ-બાર પૂતળાં બનાવ્યાં. જ્યારે યમદૂતો તેને લેવા આવ્યા, ત્યારે તે પૂતળામાં ભરાઇ બેઠો.

યમદૂતો મૂંઝાઇને પાછા ગયા અને પોતાના યમરાજ પાસે એક યુક્તિ શીખી ફરી પરત આવ્યા. યમદૂતો ફરી આવ્યા જાણી તે કલાકાર ફરી પૂતળામાં ભરાયો. યમદૂતોએ તેનાં વખાણ કરવાં શરૂ કર્યા. 'વાહ ! આ કેવો કાબેલ કારીગર છે, બ્રહ્મા પણ આની પાસે પાણી ભરે ! આવો કારીગર કોઇ સ્થાને જોયો નથી, પણ એક સામાન્ય ખામી રહી ગઇ છે.'

આ સાંભળતાંની સાથે જ પેલો બહાર આવ્યો અને બોલ્યો, 'એવું બને જ નહી. હું શ્રેષ્ઠ છું ?'

યમદૂતો બોલ્યા, 'તારામાં આ અભિમાન ભરાયું છે તે જ છે ખામી !' એમ કહીને તેઓએ તેને પકડી લીધો અને લઇ ગયા. 'હું જ શ્રેષ્ઠ છું ?' એ માનવું એ મુષ્યની સૌથી મોટી ભૂલ છે.